# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત તેના ખેડૂતોના હિત સાથે ક્યારેય સમાધાન નહીં કરે.
2) બિહારમાં યોજાયેલી ખાસ ઊંડાણપૂર્વકની સમીક્ષા SIR અને અન્ય મુદ્દાઓ પર બંને ગૃહોની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત
3) ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી માટે ચૂંટણીપંચે જાહેરનામું બહાર પાડ્યું
4) ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ રોમાન્ડેઝ માર્કોસ જુનિયરે એશિયામાં વિકાસ માટે ભારત સાથે વ્યાપક ભાગીદારી માટે હાકલ કરી
5) રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે મોસ્કોમાં રશિયન સુરક્ષા પરિષદના વડા સાથે મુલાકાત કરી
6) અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન આગામી દિવસોમાં મળવા માટે સંમત થયા

...........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM FARMAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત તેના ખેડૂતોના હિત સાથે ક્યારેય સમાધાન કરશે નહીં. નવી દિલ્હીમાં એમ.એસ. સ્વામિનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે સરકાર ખેડૂતોની આવક વધારવા અને ખેતીનો ખર્ચ ઘટાડવા માટે સતત પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે સરકાર માને છે કે દેશની પ્રગતિનો આધાર ખેડૂતોની શક્તિ છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પીએમ -1 )

પ્રધાનમંત્રીએ જણાવ્યુ કે આજે ભારત દૂધ, કઠોળ અને શણનો વિશ્વનો નંબર એક ઉત્પાદક દેશ છે. તેમણે કહ્યું કે, ડૉ. સ્વામિનાથને ભારતને ખાદ્ય ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા માટે ચળવળનું નેતૃત્વ કર્યું હતું. તેમણે ઉમેર્યું કે ડૉ. સ્વામિનાથનના વિચારો અને અભિગમ આજે પણ ભારતના કૃષિ ક્ષેત્રમાં દેખાય છે. તેમણે આબોહવા-સ્થિતિસ્થાપક પાકોની શક્ય તેટલી વધુ જાતો વિકસાવવા અને ગરમી-પ્રતિરોધક પાક પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**(બાઇટ - PM - 2 )**

. . . . . . . . .

# PM Kisan Parliament

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સંસદ ભવનમાં તમિલનાડુના ખેડૂતોના એક જૂથને મળ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે ખેડૂતોના અનુભવો, નવીનતા પર તેમના વિચારો, ઉત્પાદકતા વધારવા અને નવી કૃષિ તકનીકો અપનાવવાના તેમના પ્રયાસો વિશે સાંભળીને તેઓ આશ્ચર્યચકિત થયા.

. . . . . . . . .

# Parliament - Adjournment

બિહારમાં યોજાયેલી ખાસ સઘન સમીક્ષા SIR અને અન્ય મુદ્દાઓ પર વિપક્ષ દ્વારા થયેલા હોબાળાને કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી.

બીજી વખત મુલતવી રાખ્યા પછી બપોરે 2 વાગ્યે લોકસભાની કાર્યવાહી શરૂ થઈ ત્યારે, વિપક્ષી પક્ષો સૂત્રોચ્ચાર કરતા ગૃહની મધ્યમાં ધસી આવ્યા હતા, અને SIR મુદ્દા પર ચર્ચાની માંગણી શરૂ કરી. હોબાળા વચ્ચે, ગૃહે મણિપુર વસ્તુ અને સેવા કર સુધારા બિલ 2025 અને મણિપુર એપ્રોપ્રિએશન (નંબર 2) બિલ 2025 પસાર કર્યા. વિપક્ષે SIR અને વિવિધ મુદ્દે હોબાળો કરતાં અધ્યક્ષે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી.

રાજ્યસભામાં પણ, પ્રથમ મુલતવી પછી, જ્યારે ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યે શરૂ થઈ, ત્યારે વિપક્ષી પક્ષોએ SIR મુદ્દા પર સૂત્રોચ્ચાર

શરૂ કર્યા. હોબાળા વચ્ચે, ગૃહે કોસ્ટલ શિપિંગ બિલ 2025 પસાર કર્યું. હોબાળા વચ્ચે, અધ્યક્ષે ગૃહની કાર્યવાહી દિવસ માટે મુલતવી રાખી.

. . . . . . . . . .

## Rajya Sabha - Coastal Shipping Bill

રાજ્યસભાની મંજૂરી સાથે સંસદે આજે કોસ્ટલ શિપિંગ બિલ-2025 પસાર કર્યું. લોકસભાએ આ બિલ પહેલાથી જ પસાર કર્યું હતું. આ બિલ દેશના દરિયાકાંઠાના પાણીમાં જહાજોના વેપારનું નિયમન કરે છે.

આ બિલ પર ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ એક ખૂબ જ મહત્વપૂર્ણ સુધારા પહેલ છે. આ પહેલ દેશના વિશાળ અને વ્યૂહાત્મક દરિયાકાંઠાની સંપૂર્ણ સંભાવનાને મુક્ત કરશે. આ પહેલ 2030 સુધીમાં દેશના દરિયાકાંઠાના કાર્ગો ટ્રાફિકને 230 મિલિયન મેટ્રિક ટન સુધી લઈ જવાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

. . . . . . . . .

## Lok Sabha - Manipur

લોકસભાએ આજે મણિપુર વસ્તુ અને સેવા કર સુધારા વિધેયક 2025 પસાર કર્યું. આ વિધેયક મણિપુર રાજ્યમાં વસ્તુ અને સેવા કર એક્ટ, 2017 માં સુધારો સૂચવે છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આ વિધેયક રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના કારણે લાવવામાં આવેલા વટહુકમનું સ્થાન લેશે. આ એક બંધારણીય આવશ્યકતા છે કારણ કે જો વિધેયક પસાર નહીં થાય, તો રાજ્યને ઘણા સમય પહેલા GST કાઉન્સિલ દ્વારા મંજૂર કરાયેલા GST સુધારાઓને લાગુ કરવામાં મુશ્કેલી પડશે અને તેની આવક પર અસર પડશે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# NDA Vice President's meeting

**ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણી માટે આજે ચૂંટણીપંચે જાહેરનામું બહાર પાડ્યું છે. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટમી માટેના ઉમેદવારો 22મી ઓગષ્ટ સુધી ઉમેદવારી પત્ર ભરી શકશે.**

**આગામી નવમી સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાશે. દરમિયાન રાષ્ટ્રીય લોકશાહી જોડાણ-NDA એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાજ્યસભામાં ગૃહના નેતા જગત પ્રકાશ નડ્ડાને ગઠબંધનના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પસંદ કરવા માટે અધિકૃત કર્યા છે. પત્રકારોને સંબોધતા, સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે આજે સંસદ પરિસરમાં યોજાયેલી NDA સંસદીય પક્ષના નેતાઓની બેઠકમાં સર્વાનુમતે આ નિર્ણય લેવામાં આવ્યો હતો.**

(બાઇટ- કિરણ રિજિજુ)

. . . . . . . . . .

# India-Philippines President

ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ રોમાન્ડેઝ માર્કોસ જુનિયરે એશિયામાં વિકાસ માટે ભારત સાથે વ્યાપક ભાગીદારી માટે હાકલ કરી છે. તેઓ આજે બેંગલુરુમાં ફિલિપાઇન્સ-ઇન્ડિયા બિઝનેસ ફોરમને સંબોધિત કરી રહ્યા હતા. ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિએ કહ્યું કે બંને દેશો પ્રાદેશિક જ્ઞાન વહેંચણીને આકાર આપી શકે છે, પુરવઠામાં સુધારો કરી શકે છે અને પ્રદેશમાં સમાવિષ્ટ નવીનતા સુનિશ્ચિત કરી શકે છે. તેમણે ઇલેક્ટ્રિક વાહનો, અદ્યતન ઇલેક્ટ્રોનિક્સ, નવીનીકરણીય ઉર્જા, કૃષિ, આરોગ્યસંભાળ અને સાયબર સુરક્ષા જેવા છ પ્રાથમિકતા ક્ષેત્રોમાં લાંબા ગાળાના

સહયોગની ચર્ચા કરી. તેમણે માહિતી આપી કે ફિલિપાઇન્સ ભારત સાથે વેપાર કરારો પર કામ કરશે જે દ્વિપક્ષીય વેપારને વધારશે.

. . . . . . . . . .

# NSA-Russia

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે આજે મોસ્કોમાં રશિયન સુરક્ષા પરિષદના વડા સેરગેઈ શોઇગુ સાથે મુલાકાત કરી. શ્રી ડોભાલે કહ્યું કે ભારતનો રશિયા સાથે મજબૂત અને લાંબા સમયથી ચાલતો સંબંધ છે અને તેઓ આ સંબંધને મહત્વ આપે છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય વાટાઘાટો થઈ છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે કહ્યું કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે અને તેમની મુલાકાતની તારીખો લગભગ નક્કી થઈ ગઈ છે.

. . . . . . . . . .

# US Russia talks

ક્રેમલિનના એક સહયોગીએ જણાવ્યું છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન આગામી દિવસોમાં મળવા માટે સંમત થયા છે. આજે અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફ રશિયન પ્રમુખ સાથે વાતચીત કરશે તે પછી ટ્રમ્પ અને પુતિન વચ્ચે મુલાકાત થવાની સંભાવના છે. ક્રેમલિનના સહયોગી યુરી ઉષાકોવે કહ્યું કે ટ્રમ્પ અને

પુતિન વચ્ચે બેઠકના સ્થળ પર એક કરાર થયો છે. તેની વિગતવાર જાહેરાત પછી કરવામાં આવશે.

. . . . . . . . .

# HARGHAR TIRANGA ABHIYAN

ગુજરાત રાજ્યના 79મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે આવતીકાલથી 15 ઓગસ્ટ સુધી એક વિશાળ હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા અભિયાન શરૂ કરશે. રમતગમત અને યુવા બાબતોના રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ અભિયાનમાં રાજ્યભરમાં ભવ્ય તિરંગા યાત્રા, સ્વચ્છતા રેલી અને અનેક દેશભક્તિ કાર્યક્રમોનો સમાવેશ થશે.

રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ સહિતના દરેક મુખ્ય શહેરો 9, 10, 11 અને 12 ઓગસ્ટના રોજ વારાફરથી બે થી ત્રણ કિલોમીટરની તિરંગા યાત્રાનું આયોજન કરાશે. 12 થી 15 ઓગસ્ટ દરમિયાન વિવિધ સ્થળોએ તિરંગા યાત્રાઓ ઉપરાંત, સ્વચ્છતા રેલીઓ અને સ્વચ્છતા સંવાદ કાર્યક્રમોમાં જનભાગીદારીનું આયોજન કરવામાં આવશે. એક અઠવાડિયા સુધી ચાલનારા અભિયાન દરમિયાન, લોકોને રાજ્યના તમામ ઘરો, દુકાનો, ઓફિસો અને જાહેર સ્થળોએ રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે આગ્રહ કરવામાં આવશે.

. . . . . . . . . . .

# National Handicraft Day

આજે દેશભરમાં ૧૧મો રાષ્ટ્રીય હાથવણાટ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે આ દિવસ ભારતની સમૃદ્ધ વણાટ પરંપરાઓની ઉજવણી કરવાનો છે જે નાગરિકોની સર્જનાત્મકતા દર્શાવે છે. પ્રધાનમંત્રીએ ભારતની હેન્ડલૂમ વિવિધતા અને આજીવિકા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં તેની ભૂમિકા પર ગર્વ વ્યક્ત કર્યો.

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે સંત કબીર અને રાષ્ટ્રીય હાથવણાટ પુરસ્કારો ૨૦૨૫ દ્વારા એનાયત કર્યા.

..........